# રંગમંચનાં પરદા પાછળ, તાળીઓથી આગળની વાત નાટકોની ભજવણી અને સ્પર્ધાની જરૂરિયાત



## કર્ટનકોલ

- સતીશ દેસાઈ



વીર નર્મદ યુનિ. સતત બાવન વર્ષથી યુથ ફેસ્ટિવલ દ્વારા પોતાની ટેલેન્ટ બતાવવાની તક પૂરી પાડે છે. લલિતકલાનું ક્ષેત્ર એટલું વિશાળ અને વૈવિધ્યસભર છે કે એમાં જેટલું કરીએ એટલું ઓછું છે. એમાં પણ કવિ કાલિદાસે તો સર્વ કલામાં નાટ્યકલાને શ્રેષ્ઠતમ્ ગણાવી છે.

અહીં શેક્સપિયરથી માંડી આપણાં ચં.ચી. મહેતા સાથે આ ફેસ્ટિવલમાં રજૂ થયેલા કલાકર્મીઓએ નાટકમાં, નાટક સાથે વિધવિધ પ્રયોગો કર્યા છે. અહીં રજૂ થયેલા નાટકોનાં લેખાંજોખાં નથી કરવાં. યુનિ. સંલગ્ન 100 થી અધિક કોલેજો છે. એમાંથી જૂજ કોલેજના સંપૂર્ણ ઈન્વોલમેન્ટના દર્શન થાય અને એમાં પણ નાટ્યસ્પર્ધામાં આવવું એટલે કોઈ પણ સંસ્થા માટે વિશેષ અને ખાસ બાબત કહેવાય એમ હું માનું છું.

સ્પર્ધામાં જ્યાં સાંસ્કૃતિક કલા પ્રતિ ઉત્તમ અભિગમ છે તે કોલેજ ઉત્તમ નાટ્ય-દર્શન કરાવી ગઈ. એનાથી વિપરિત અહીં જે નાટકની કક્ષા પ્રમાણમાં નિમ્ન રહી એના ઉપર પ્રકાશ પાડવો નાટ્ય પ્રવૃત્તિના હિતમાં રહેશે. રજૂ થયેલા 13 નાટકોમાંથી પાંચ નાટકો વિજયશ્રીને વર્યા એથી બાકીના આઠેઆઠ નાટકો નબળા હતા? ના. આ સ્પર્ધામાં માણવા યોગ્ય વિશેષ નાટકો હતા. બિરાડ, સંભવ-અસંભવ, વારાંગના અર્ધાંગના જેવા નાટકો બેશક નોંધપાત્ર હતા. કોડ નંબર સાથે રજૂ થયેલા નાટકો કઈ કોલેજના હતા? એનાથી અમો અજાણ હતા માટે નાટકના નામથી અહીં વાત કરીશું.

પરિણામમાં જે સફળ નથી થયા એ નાટકની કોલેજોએ નાટ્ય-મથામણ તો કરી પરંતુ યથા સ્ક્રિપ્ટ, માર્ગદર્શન અને અનુકુળ દિગ્દર્શકનો અભાવ નાટકને ધારી ક્ષમતા ન અપાવી શક્યા. નાટ્ય પ્રવૃત્તિ ધગશ સાથે તિવ્ર ઈચ્છાશક્તિ માંગે છે અને મોટે ભાગની કોલેજ આવી પળોજણમાં પડવા નથી માંગતી અથવા કોલેજના સ્ટાફમાં એવી વ્યક્તિ નહીં હોય જે નાટક તૈયાર કરવા માટેની તમામ જરૂરિયાત ઊભી કરવામાં સક્ષમ હોય અથવા કોલેજમાં પ્રવૃત્તિમય વાતાવરણ જ ના હોય. કદાચ હવે કોલેજ એન્યુઅલ ડેમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ લગભગ બંધ થઈ ગઈ છે. એના કારણે પણ યુનિ.ના આવા સુંદર, રૂપાળા અને માતબર ઉત્સવમાં નાટકો અલ્પ સંખ્યામાં આવ્યા હોય.

લગભગ દરેક વિજેતા એકાંકીઓ સતત ગતિશિલ રહ્યા. ફાસ્ટ ડાયલોગ ડિલિવરી, લાગણી પ્રધાન વિષય સાથે આકર્ષક સ્ટેજ ડિઝાઈન, મ્યુઝિક અને લાઈટ્સનું ટાઈમિંગ પરફેક્ટ. આમ આ નાટકો એમેચ્યોર કરતાં પ્રોફેશનલ વધુ લાગ્યા. વિદ્યાર્થી આલમમાં એક્ટિંગ પ્રત્યેનો અભિગમ, ધગશ અને સૂઝપૂર્વકનું રંગમંચિય કામ સરાહનીય રહ્યું. પૂર્ણ તૈયારી સાથેના મંડાણથી છેક નિર્વહન સુધી નાટ્ય જમાવટ થઈ શકી. એના યશભાગી દિગ્દર્શકોને ગણાવી શકાય. ક્ષતિ શોધીએ તો મળે જ પરંતુ ખૂબીઓથી જોડાયેલા નાટકો મજા કરાવી ગયા.

નાટ્ય સ્પર્ધાનું પરિણામ આ મુજબ રહ્યું. પ્રથમ ક્રમ- આહુતિ - જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ.

દ્વિતીય ક્રમે ભૂધન- પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર. વી. પટેલ કોમર્સ કોલેજ.

તૃતીય ક્રમે (1) દરજા

કે.બી.એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ, વાપી

(2) Fuiry of Fullen King

એસ.ડી.જે. ઈન્ટરનેશનલ કોલેજ. ચોથા ક્રમે મૃગજળ- સી. કે. પીઠાવાલા કોલેજ આવ્યું છે.

ચંચી મહેતા પારિતોષિક શ્રેષ્ઠ અભિનેતા : 'દરજા' નાટકનાં કરણ ગિરાસે (કમ્સો) અને 'મૃગજળ'નાં દક્ષેશ વધવાની (દેવ)

શ્રેષ્ઠ અભિનેત્રીમાં આહુતિનાં પ્રયાંશી (કુચીલી) અને સંભવ અસંભવની યશ્વી (પ્રીત) વિજેતા રહ્યા.

અન્ય બાકી નાટકોમાં ધ્યાનાકર્ષક નાટકમાં લેખક મુકુલ વૈદ્યના મૃગજળને પ્રથમ, 'સંભવ-અસંભવ'ની સ્ક્રિપ્ટને દ્વિતીય ક્રમે એવોર્ડ મળ્યો. એનાં સાયન્સની સફળતા અને લાગણીને જોડવાની વાત લઈને અંતે રોબોટ સાથે લગ્ન કરતી એક યુવતીની કથા. વિજ્ઞાનના પ્રખર હિમાયતી ધર્માંધતા સાથે કોમ્પ્રોમાઈસ ના કરે કદાચ. પરંતુ વિજ્ઞાનને લાગણી પ્રધાન ચિતરી શકે ખરા? રજૂઆત સાથે અવઢવમાં ડૂબેલું નાટક. છતાં ન્યૂનતમ વિચાર સાથે લેખિકા સ્વાતિ નાયકની કુનેહ સ્ક્રિપ્ટને ઈનામ અપાવી ગઈ. એ જ રીતે કારવાંમાં રખડતા કાફલાની વાત. 'રોટલા માટે ગામ બદલાય પણ અત્યાચાર તો એના એ જ'. આ વાત અંત ભાગમાં જસ્ટીફાય ન થઈ શકી. નાટકમાં પૂર્ણતાનો અભાવ વર્તાયો. નદીમાં પૂરનો સીન કાબિલેદાદ હતો. ઘણા નાટ્ય ચમકારા આ નાટકમાં જોવા મળ્યા. એ જ રીતે દિલીપ રાવલ લિખિત 'વારાંગના અર્ધાંગના' હંમેશ માટે સાંપ્રત સ્ક્રિપ્ટ નવોદિતો માટે ભારે સાબિત થઈ શકે. કોઠાવાળી બાઈના માથે નાટકનો ભાર હતો.

ઉત્સવમાં મોટેભાગના કલાકારો પ્રથમ વાર મંચ ઉપર આવ્યા હશે. દરેક પોતાની ક્ષમતા મુજબ સારૂ કામ કરવાનો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંતના બાકી નાટકોમાં અંધશ્રદ્ધા નિવારણ. યુવાનોમાં કુટેવ, અંગદાનની વાત, વ્યસન સાથે માવાની લત-મુક્તિનો પ્રયાસ વગેરે માટે નાટકો સલાહ સૂચનથી ભરપુર હતા. સાથે અવેરનેશ માટેના શેરી નાટકની પણ એમાં પ્રતિતિ થઈ.

52 માં યુથ ફેસ્ટિવલ માટે યુનિ.ને લાખ લાખ અભિનંદન. આવા ઉત્તમ કાર્યને સફળતાપૂર્વક પરિપૂર્ણ કરનારા સક્ષમ સંચાલકો વગર આવું ભગીરથ કાર્ય શક્ય નથી.●

## નિર્ણાયકની નજરે

**નાટ્યપ્રવૃત્તિ ધગશ સાથે તીવ્ર ઇચ્છાશક્તિ માંગે છે અને મોટે ભાગની કોલેજ આવી પળોજણમાં પડવા નથી માંગતી અથવા કોલેજના સ્ટાફમાં એવી વ્યક્તિ નહીં હોય જે નાટક તૈયાર કરવા માટેની તમામ જરૂરિયાત ઊભી કરવામાં સક્ષમ હોય અથવા કોલેજમાં પ્રવૃત્તિમય વાતાવરણ જ ના હોય**



## એકાંકી સ્પર્ધાનાં અન્ય નિર્ણાયકો અને માર્ગદર્શકનો ટૂંકો અભિપ્રાય વાંચી સ્પર્ધાના મર્મને સમજીએ.

### વિષયવસ્તુ અને રજૂઆતની રીતે અભિભૂત થઈ જવાય એવી કોઈ રજૂઆત ન લાગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના 52 મા યુવક મહોત્સવની એકાંકી સ્પર્ધામાં 13 એકાંકીઓ ભજવાયા હતાં. નિર્ણાયકોએ સર્વાનુમતે નિર્ણય આપ્યો પણ વિષયવસ્તુ અને રજૂઆતની રીતે અભિભૂત થઈ જવાય એવી કોઈ રજૂઆત ન લાગી. મોટા ભાગની કોલેજના વિદ્યાર્થીઓને લેખન કે ભજવણીનો કશો ખ્યાલ ન હતો કે એમને કોઈ માર્ગદર્શન મળ્યું હોય એવું પણ લાગતું નહોતું. પરિણામે નાટક જ ન કહીં શકાય એવી ઘણી રજૂઆતો થઈ ને નિર્ણાયકોએ બહુધા નિરાશ થવાનું આવ્યું. એક સૂચન એ કે રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે એક કાર્યશાળાનું આયોજન થવું જોઈએ.

- ધ્વનિલ પારેખ

### અમુક સરસ નાટકો આવ્યા અને અમુક... વિશે ન બોલ્યામાં નવ ગુણ

ધીરે ધીરે લુપ્ત થતી ગુજરાતી ભાષાને આજે પણ ગુજરાતી નાટકો જ જીવંત રાખવાના પ્રયાસ કરે છે. રંગભૂમિ એ ગુજરાતી ભાષાની સંજીવની બની રહી છે અને એના પાયામાં નાટ્યસ્પર્ધાઓ બહુ મહત્વની ભૂમિકા ભજવે છે. આવી જ એક નાટ્ય સ્પર્ધામાં સુરત ખાતે નિર્ણાયક તરીકે જવાનું આમંત્રણ મળ્યું. 13 એકાંકી ભજવાઈ. દરેક સ્પર્ધાની જેમ અહીં પણ અમુક સરસ નાટકો આવ્યા અને અમુક.... એના વિશે ન બોલ્યામાં નવગુણ. પણ એમણે ભાગ લીધો કંઈક કરવાની ઈચ્છા દર્શાવી એ સરાહનીય. યોગ્ય માર્ગદર્શનનો અભાવ એમાં દેખાયો. સુરત શહેરમાં કદાચ અવેતન ગુજરાતી રંગભૂમિની પ્રવૃત્તિ ખૂબ જ સારી રીતે અને સતત થતી રહે છે એ સરાહનીય છે. બધા જ નાટકો જોયા બાદ એક વાત બહુ જ ખટકી... દેશની આઝાદી પહેલાંની સમાજ વ્યવસ્થા અને ઊંચનીચના ભેદભાવ કે જાતિ કે વર્ણ વ્યવસ્થા આજે જ્યારે નામશેષ થઈ રહી છે ત્યારે આવા જ વિષયો પર સતત બનતા નાટકો દ્વારા એ લેખક કે દિગ્દર્શક શું સિદ્ધ કરવા માંગે છે? એ એક મોટો સવાલ છે. બીજું એક પણ એકાંકી પ્રહસન કે હાસ્યરસ પીરસતી આવી નહીં. જે દુઃખદ છે. ખેર સંસ્થાઓ અને ભાગ લેનારના પ્રયત્નોને બિરદાવવા રહ્યા. આભાર

-વિજય રાવલ

### બીજી કોલેજો પણ વધુને વધુ જોડાય તો સ્પર્ધા વધારે તંદુરસ્ત થાય

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજિત 52મો અબ્બક્કા રાણી યુવા મહોત્સવમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિવિધ આંતર કોલેજીય સ્પર્ધાઓ દ્વારા પોતાની સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક પ્રતિભાનો સુંદર પરિચય આપ્યો. એકાંકી નાટ્ય સ્પર્ધામાં તમામ પ્રસ્તુતિઓનું સ્તર અત્યંત ઊંચું હતું. યુવા અને ઉદયમાન કલાકારોમાં ગજબનો ઉત્સાહ જોવા મળ્યો અને પ્રેક્ષક વિદ્યાર્થીઓએ પણ આ નાટકોને ખૂબ જ આનંદથી માણ્યા. સ્પર્ધાનું સુવ્યવસ્થિત સંચાલન નરેશ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે સમગ્ર મહોત્સવનું સફળ માર્ગદર્શન કપિલદેવ શુક્લ દ્વારા અપાયું હતું. તેમની કુશળ નેતૃત્વશક્તિ અને આયોજનક્ષમતા કારણે સમગ્ર મહોત્સવ શિસ્તબદ્ધ અને સરળતાથી સંપન્ન થયો.

આ સ્પર્ધામાં મને એવું લાગે છે કે બીજી કોલેજો પણ વધુને વધુ જોડાય તો સ્પર્ધા વધારે તંદુરસ્ત થાય અને જે કોલેજો ભાગ નથી લેતી એ કોલેજો અને જે કોલેજો ભાગ લેશે પણ જાણકારીના અભાવે એ અનુભવના અભાવે સારું નાટક રજૂ નથી કરી શકતા તો એ માટે યુનિવર્સિટી શિબિરનું આયોજન કરે. જો દર વર્ષે કરે તો મને એમ લાગે છે કે કૃતિઓ પણ વધશે અને કલાકારો વધારે ખડ્યા છે અને સારા નાટકો આવી શકશે. સરકાર એક બાજુથી એજ્યુકેશનની સાથે સાથે ઘણાને જોડી રહી છે ત્યારે આવા યુવા મહોત્સવમાં સ્પર્ધકો અને કૃતિઓની સંખ્યા ઘટતી જાય એ બાબતે વિચાર કરવો રહ્યો.

-પંકજ પાઠકજી

### ઉત્તમ, મધ્યમ અને કનિષ્ક નાટકો હતા

યુનિ.ની આંતર કોલેજ એકાંકી સ્પર્ધા -2025 મિશ્ર નાટકો લઈને આવી. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ક નાટકો હતા. ઉત્તમ નાટકો કલ્પના બહારના હતા, આ કોલેજના વિદ્યાર્થીઓ જ કરી રહ્યા છે? ક્ષણવાર એવો વિચાર પણ આવ્યો- અને કનિષ્ક નાટકોની નબળાઈ ખૂબ કઠી છતાં સ્પર્ધાત્મક આવો ઉત્સવ દિનપ્રતિદિન વધુ માતબર થતો જાય એવી શુભેચ્છા.

આત્મારામ ત્રિપાઠી


### ભાગ લેનાર દરેક કળાકારોને અભિનંદન સહ શુભકામનાઓ

"છેલ્લાં કેટલાંયે વર્ષોમાં આ વર્ષે રાણી અબક્કાદેવી 52 મા યુવા મહોત્સવની સ્પર્ધાઓના પરિણામો એકદમ નિષ્પક્ષ આવ્યા છે" આવા વિવિધ વિધાનો વી.ન.દ.ગુ.યુનિવર્સિટી સંલગ્ન અનેક કોલેજોએ જાહેરમાં કર્યા છે. આનું શ્રેય કુલપતિ શ્રી ડો. કે. એન. ચાવડા સરને જાય છે. આ વખતે તેમણે ૧૨ વર્ષ પછી મને ફરી આ વર્ષના યુવા મહોત્સવના કાર્ય માટે ઈજન આપ્યું હતું, એ કારણે સક્ષમ સુયોગ્ય નિર્ણાયકોને નિમંત્રિત કરવામાં સરળતા રહી. કુલસચિવ ડો. ગઢડીયા, ડો. વાંસીયા અને ડો. પરમાર સહિત સમગ્ર આયોજન ટીમે અત્યંત નિષ્ઠાપૂર્વક કાર્યક્રમો યોજ્યા. કાળજીપૂર્વક વિદ્યાર્થીઓની તમામ સવલતો સાચવી સાથે નિર્ણાયકોની કાળજી લેવામાં પણ અગ્રેસર રહ્યા; સમગ્ર આયોજન સુમધુર રીતે ચાલ્યા કરે એવી વ્યવસ્થા અમલમાં મૂકી જે નોંધપાત્ર બની રહી. હું ભાગ લેનાર દરેક કળાકારોને અભિનંદન સહ શુભકામનાઓ આપું છું. તમે સૌ પણ એક દિવસ તમારી કળા વડે રાજ્ય અને રાષ્ટ્રભરમાં નામના મેળવો એ રીતે કળાને પામતા રહેજો જેથી પરિણામો ગૌણ બની જાય.

- કપિલદેવ શુક્લ

## શબ્દ સાપ્તાહિકી

- અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. મરણને જીતનારું (૪)
૪. સ્ત્રી, મહિલા, નારી -3
૬. સારો ગુણ (૪)
૮. નવી પરણેલી સ્ત્રી (૪)
૧૦. માતા, જનની (૩)
૧૧. આભને ભેદે એવું મોટું (૫)
૧૪. વાણી, બોલી (૨)
૧૫. યજ્ઞ (૨)
૧૭. સિંહ (૪)
૧૯. બોલી, વાણ (૨)
૨૦. રંગ, વર્ણ (૨)
૨૧. ગધેડો (૩)
૨૩. આપવું તે (૨)
૨૪. દૂધ, પાણી (૨)
૨૬. શક, શંકા (૩)
૨૮. ચીજ, ઘરેણું (૩)
૩૦. કાચાપણું, અધૂરપ (૩)
૩૩. પારકું, અન્ય (૨)
૩૫. હોંશ, શુધ્ધિ (૨)
૩૬. શિવનો સેવક સમુદાય (૨)
૩૭. ફત્તેહ, વિજય (૨)
૩૮. જમીન માલિક (૫)
૩૯. એક વૃક્ષ, વટ (૨)
૪૦. મિઠાઇ (૪)
૪૨. પવન (૨)
૪૩. જાવક (૩)
૪૫. રાજા (૨)
૪૭. પણ, સંકલ્પ (૩)
૪૯. પર્વત (૨)
૫૦. પાણીનો ઘાટ (૪)
૫૨. વિષ, ઝેર (૨)
૫૩. જુસ્સો, અધીરાઇ (૫)
૫૬. ઘોષ, અવાજ (૨)
૫૮. સૂર્ય (૨)
૬૦. ઢીલ, વિલંબ (૨)
૬૧. એક જૂનો સિક્કો (૩)
૬૩. ઉપાય, ઇલાજ (૨)
૬૫. કાણું (૨)
૬૬. સેવક, નોકર (૩)
૬૮. તેજ, ભપકો (૩)
૭૦. સીધું, મુશ્કેલી વિનાનું (૩)
૭૨. કુસ્તીબાજ (૨)
૭૩. વાર્તા (૨)
૭૫. લેખ, દસ્તાવેજ (૨)
૭૬. નજર, યાદદાસ્ત, ધ્યાન (૩)
૭૭. શિક્ષા, દંડ (૨)
૭૮. એક જાતનું ઝીણું કપડું (૪)
૭૯. તૃપ્ત, ધરાયેલુ (૨)


**ઊભી ચાવી**

૧. બંને બાજુ વગાડાય તેવું ઢોલક (૩)
૨. યુવાન (૩)
૩. ફરિયાદ (૨)
૪. જુવાન પત્ની, છોકરાની વહુ (૨)
૫. ઘોડી (૩)
૬. પજવણી, હેરાનગતિ (૪)
૭. વાંક (૨)
૮. પર્વત કે સરોવરમાંથી પડતો કુદરતી જળ પ્રવાહ (૨)
૯. વસ્ત્ર (૩)
૧૨. મળેલી જમીન કે રકમ (૩)
૧૩. રહસ્ય (૨)
૧૪. પીડા, કંટાળો, ત્રાસ (૨)
૧૬. પૈસો, દોલત (૨)
૧૭. જંગલ (૨)
૧૮. લંકાનો રાજા (૩)
૧૯. સંદેશ (૩)
૨૦. રાત્રિ ભોજન (૨)
૨૧. સંપ (૩)
૨૨. જન્મારો (૨)
૨૩. કિંમત, મૂલ્ય (૨)
૨૫. પોશાક, રૂપ, શણગાર (૨)
૨૭. પજવણી, સતામણી (૫)
૨૮. આદમી (૨)
૨૯. બાતમી, પગેરું (૩)
૩૧. હોશિયાર, ચતુર (૩)
૩૨. રાત્રિ (૨)
૩૪. રૂપાનું, ધોળાશ પડતું (૩)
૩૫. પત્ની, ભાર્યા (૩)
૩૭. એક જાતનું કાપડ (૨)
૩૯. નાત જમાડવી તે (૨)
૪૦. દૂધ, પાણી (૨)
૪૧. વગાડવું તે (૩)
૪૨. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૪૪. શક, શંકા (૩)
૪૫. મોહ, મેળ (૨)
૪૬. કિનારો, કાંઠો, તીર (૨)
૪૭. અત્યંત આકરું લાગે તેવું (૩)
૪૮. જાણેલું (૨)
૪૯. દોરડા પર નાચનાર (૨)
૫૦. દરજ્જો, પદવી (૨)
૫૧. બનાવ, બિના (૩)
૫૪. ''પહેલું સુખ તે જાતે ....'' (૨)
૫૫. સરદાર, આગેવાન (૩)
૫૬. બ્રહ્માના માનસપુત્ર (૩)
૫૭. કેફ, ખુમારી (૨)
૫૯. મોટું (૩)
૬૧. દિશા, બાજુ (૨)
૬૨. ખેલ (૩)
૬૪. દિવસ (૩)
૬૬. ઝડપ, ગતિ (૨)
૬૭. ઘોડા-બળદની એક પ્રકારની ચાલ (૩)
૬૯. અગાઉ થઇ ચૂકેલું (૨)
૭૧. લીન (૨)
૭૨. આનંદ (૨)
૭૪. અંધકાર (૨)
૭૫. ગધેડો (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

